June 2023

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

જ્ઞાન * દર્શન * ચારિત્ર
શ્રી પાટણ જૈન મંડળ
ESTD. 1912
સેવા * સહકાર * સંગઠન
Shree Patan Jain Mandal

Year 18 ● Issue 9 / 208
● Mumbai ● Page 20 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...



દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

વ્હાલા સ્નેહી સ્વજનો,

*પ્રણામ !*

આપ સહુની ક્ષેમકુશળતા ચાહું છું.

ભગવાન મહાવીરે ચીંધેલા જૈન ધર્મના સિદ્ધાંતોને માર્ગે ચાલીને વિવિધ પ્રકારની સમાજોપયોગી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી શ્રી પાટણ જૈન મંડળ સંસ્થાના પ્રમુખ સ્થાનેથી દર મહિને આપની સાથે સંવાદ કરવાનો અવસર મળે છે, આપની સમક્ષ મારા મનની ભાવનાઓને રજૂ કરતા મને ખુબ જ આનંદની લાગણીનો અનુભવ થાય છે.

**શ્રી પાટણ જૈન મંડળ માટે એટલું જ કહી શકાય કે મનોરંજનની સાથે સાથે આપણા સમાજમાં અન્ય અનેકવિધ પ્રવૃત્તિઓ સહુના સાથ-સહકારથી ખુબજ સારી રીતે ચાલી રહી છે. ધાર્મિક યાત્રાઓ, સ્પોર્ટ્સ, શૈક્ષણિક, વુમન એમ્પાવરમેન્ટ, યુથ એમ્પાવરમેન્ટ, યુવા-યુવતીઓનો પરિચય મિલન, IPL જેવી મોટી મેચો, વિવિધ સમાજલક્ષી કાર્યક્રમો થાય છે અને ભવિષ્યમાં પણ થતાં રહેશે. મને કહેતા ગર્વ થાય છે કે બધી જ કમિટીઓ ખુબ જ સક્રિય રસ લઈને તેઓને સોંપેલી જવાબદારી સફળતાપૂર્વક નિભાવે છે.**

**અલબત્ત ! સમાજનાં પરિવારોનો તન-મન-ધનથી સારો સહકાર મળતો રહે છે. તેના દ્વારા અમને પ્રોત્સાહન મળે છે. સમય, શ્રમ અને સમજદારીનો સુમેળ સાધીને સમાજની સેવા કરવાના સંકલ્પ સાથે પાટણ સમાજને એક નવી દિશામાં લઈ જવાનો અમારો સહિયારો આ પ્રયાસ છે.**

ગોરેગામ ખાતે **સૌરભ મેડિકલ હેલ્થકેરની જગ્યામાં ઈન્ટીરીયરનું કામ પુરજોશમાં ચાલુ થઈ ગયું છે.** હેલ્થકેરના મશિનોનું વર્કીંગ ચાલુ થઈ ગયું છે **આ મહિનાની આખર સુધીમાં Order Placement કરવાનું શરૂ થઈ જશે.** બધુજ કાર્ય ખુબજ સારી રીતે ચાલી રહ્યું છે. દાતાઓનો પણ વિશ્વાસ વધતો જાય છે કે આ કાર્ય નિયત સમય મર્યાદામાં થશે અને આપણે જે સંકલ્પ કર્યો છે તે મુજબ સમાજના લોકોને બહુ જ ઝડપથી લાભ મળતો થઈ જશે.

**સમાજનાં સુજ્ઞ બંધુઓને કહેવાનું મન થાય છે કે શ્રી પાટણ જૈન મંડળના સૌરભ મેડિકલ હેલ્થકેર પ્રોજેક્ટ મોટા બજેટવાળો છે, જે આપ સહુ જાણો છો, સહુનો સાથ મળતો જ રહેશે તો ઝડપથી આ સેન્ટર શરૂ કરી જરૂરિયાતમંદોને સહાય કરી શકીશું.**

**પાટણ મધ્યે TDSV Primary School નું બાંધકામ ચાલુ થઈ ગયું છે.** હમણા જ મેં અને **શ્રી રાજુભાઈએ** સાથે મળીને પાટણ સ્કૂલની મુલાકાત લીધી હતી, તે મુજબ ત્યાં જે રીતે કામની પ્રગતિ જોઈ છે તે બદલ ખુબ ખુબ આનંદ અને હર્ષની લાગણી થાય છે. સમય મર્યાદામાં કાર્ય સંપૂર્ણ થશે એવો વિશ્વાસ છે. આપણા પૂર્વ પ્રમુખ **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહે** પણ તાજેતરમાં સ્કૂલની મુલાકાત લીધી હતી. બાંધકામના કાર્યની પ્રગતિ જોઈને બહુજ પ્રભાવિત થયા હતા.

Cont. page 2

વર્ષ ૨૦૨૨-૨૩ના Books of Accounts નું કામ આગળ વધી રહ્યું છે, Internal Audit નું કાર્ય પૂર્ણ થઈ ગયું છે. External Audit નું કામ ચાલું છે, ૩૦ જુલાઈ સુધીમા કાર્ય પૂર્ણ કરવાની ગણતરી છે.

**ISO 9001-2015 Certificateનું** કાર્ય ખુબ સુંદર રીતે ચાલી રહ્યું છે. **શ્રી હિતેશભાઈ જશવંતભાઈ શાહ** તા. ૧૭-૦૬-૨૦૨૩ની મિટીંગમાં આ સર્ટિફિકેટ લેવાથી થતાં ફાયદા આપણી સંસ્થાને મળશે તે બહુજ વિસ્તારથી સમજાવ્યું હતું. અમદાવાદથી **ISO Training** માટે **શ્રી અંકિતભાઈ** આપણા આમંત્રણને માન આપીને આવ્યા હતા. તેઓએ આપણા સ્ટાફને ટ્રેનિંગ આપી કે કેવી રીતે ડે ટુ ડે કામ કરવું અને બીજી અન્ય બાબતો વિશે સમજાવ્યું. સારું માર્ગદર્શન આપ્યું. જુલાઈ સુધીમાં ફાઈનલ ઓડીટ થવાની ગણતરી છે અને ઓગસ્ટ સુધીમા સર્ટિફિકેટ મળવાની ધારણા છે. આ **ISO**નું કામ **શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહની** આગેવાનીમાં એડમીન ટીમ **શ્રી દેવેશભાઈ, શ્રી અમીતભાઈ, શ્રી હિતેશભાઈ, શ્રી પ્રિતેશભાઈ, શ્રી નીખિલભાઈ,** ખુબ સારી રીતે સંભાળી રહ્યા છે.

**સમ્મેત શિખરજીના યાત્રા પ્રવાસ માટે પ્લાનીંગ ચાલી રહ્યું છે, તા. ૧૫ થી તા. ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમ્યાન જાત્રાએ લઈ જવાની ભાવના છે. પ્રતિબિંબના આવતા અંકમાં આ અંગે વિગતવાર માહિતી આપવામાં આવશે. જેઓને આ યાત્રા પ્રવાસ માટે દાતા બનવુ હોય તેઓ અમારો સંપર્ક કરી શકે છે.**

*અહીં આપેલા એક દ્રષ્ટાંત પર ચિંતન મનન કરીએ :-*

સ્નાન કરવા માટે યુધિષ્ઠિર સ્નાનાગાર તરફ જઈ રહ્યા હતા, એજ સમયે એક યાચક એમની સમક્ષ આવીને ઊભો રહી ગયો. બહુ મોટી આશા અને અરમાનો લઈને આવ્યો હતો. યુધિષ્ઠિરે તેને બીજા દિવસે આવવાનું કહ્યું, યાચક ઉદાસ ચહેરે ત્યાંથી બહાર નીકળ્યો. એજ સમયે ભીમ આવ્યો. યાચકનો ઉદાસી ચહેરો જોઈને તેની વાત સાંભળી, ભીમે યાચકને થોડાક સમય માટે ત્યાં ઊભા રહેવા સૂચના આપી અને પોતેજ મહેલના દરવાજા પર લટકી રહેલ ઘંટ પાસે પહોંચી જઈને ઘંટ વગાડવાનું શરૂ કર્યું. ઘંટનો અવાજ યુધિષ્ઠિરને સ્નાનાગારમાં સંભાળાયો તેઓ જલ્દીથી બહાર આવ્યા અને સાદ કર્યો, ભીમ તું આ શું કરે છે ?

ઘંટ વગાડી રહ્યો છું.

પણ તને ખબર તો છે ને કે આ ઘંટ આપણે ત્યાં ત્યારે જ વગાડવામાં આવે છે, જ્યારે કોઈ દુશ્મનને આપણે હરાવ્યો હોય.

મન બરાબર ખબર છે.

તો આપણે કોના પર વિજય મેળવ્યો છે ?

આપે પોતે કાળ પર વિજય મેળવ્યો છે

એટલે ?

એટલે બીજું કંઈ નહીં, માગવા આવેલ યાચકને આપે આવતી કાલે આવી જવા કહ્યું, એનો અર્થ તો એ જ થાય ને કે ૨૪ કલાક સુધી આપ જીવતા જ રહેવાના છો ? આપની આ શ્રદ્ધાનો ફલિતાર્થ એ જ થાય કે આપે કાળ પર વિજય મેળવ્યો છે. એ સિવાય આવું વચન આપી જ શી રીતે શકાય ?

ભીમના આ માર્મિક અને ટકોરભર્યા વક્તવ્યને સમજી ચૂકેલા યુધિષ્ઠિરે ત્યાં ને ત્યાં જ યાચકને દાન આપીને સંતુષ્ટ કરી દીધો.

સત્કાર્યો કરવામાં મોડા ના પડશો, જીવન જીતી જશો.

"SO DO IT NOW !"

*દાન ધર્મની જ્વલંત જ્યોત,*
*નિશદિન જગમાં પ્રગટ્યા કરે,*
*ટમટમતા દિવડાઓને નવી જિંદગી મળ્યા કરે,*

**ઘડો નદીમાં જુકે છે, તો નદીના જળને પોતાનું બનાવી દે છે.**
**આપણો પ્રેમ પ્રભુના ચરણમાં જુકે છે તો પ્રભુના ગુણોને પોતાના બનાવી લે છે,**
**તેમ દાનવીર દાતાઓ દાન આપવા હાથ લંબાવે છે ત્યારે સમાજને પોતાનો પરિવાર બનાવી દે છે.....**

**અસ્તુ**

### તંત્રી સ્થાનેથી...

# પિતૃ મહિમા




મારા પ્યારા વાચક મિત્રો !

પ્રણામ !

મે મહિનાના અંકમાં આપણે માતૃમહિમા વિશે ઋણ ચૂકવવાની વિચારધારાને વહેતી કરી. તો પિતૃમહિમા પણ એટલો જ વિશેષ છે. ભારતીય પરંપરામાં ઋણમુક્તિનો મહિમા આદિ પરંપરાથી ચાલ્યો આવતો એક રિવાજ છે. માતામાં દેવત્વ, પિતામાં દેવત્વનું આરોપણ કરેલું જ છે. પિતાનું જીવનમાં સ્થાન શબ્દોમાં મુકી શકાય તેવું નથી હોતું.

માતા-પીતા વંદનીય છે, નમનીય છે.... અભિવંદનીય છે. જુન મહિનાનો આ અંક આપ સહુના કરકમળમાં આવશે ત્યારે એક સુંદર મજાનો દિવસ **'પિતૃદેવો ભવ...' 'ફાધર્સ ડે'** જે આપણા સહુનો પ્યારો અને મનગમતો અવસર કેલેન્ડરની તારીખ મુજબ પસાર થઈ ગયો હશે, પણ ના ! તમે અફસોસ નહીં કરતા. આપણી સંસ્કૃતિ અને આપણા સંસ્કારમાં તો જીવન પર્યંત માતા-પિતાનું મહત્વ, તેમના પ્રત્યેનો પ્રેમ અને લાગણી તો રહે જ છે. આ જ તો સત્ય અને વાસ્તવિકતા છે.

માતા-પિતાને આપણે ક્યારેય અલગ માનતા જ નથી સંતાનો માટે બન્ને પુરક છે. જો માતાનો ખોળો અને પિતાની છત્રછાયા ન મળે તો આપણું જીવન અધૂરુ છે એમના વિના આપણો પરિવાર અધૂરો છે. **માતા-પિતા સાથેનો સંબંધ જન્મસિદ્ધ ઋણાનુબંધ છે. જેનું ઋણ સંતાનો ક્યારેય ચૂકવી શકતા નથી.**

એક ઉત્તમ પિતા સંતાનો માટે વાવાઝોડા વચ્ચે આધાર આપતું વૃક્ષ છે, માતા બાળકને મમતાથી એની ભીતરની લાગણીની દુનિયાથી પરિચિત કરાવે છે અને પિતા પોતાની મક્કમતાથી બાળકને બહારની દુનિયાનો પરિચય કરાવે છે. સ્નેહ અને શ્રદ્ધા માતા પાસેથી મળે, તો સાહસ અને સાવધાની પિતા પાસેથી મળે આ બન્ને સાથે મળીને સંતાનોનું ઘડતર કરે છે. પિતાની હાજરી કરતા પિતાની ગેરહાજરી આપણને તેમના મહત્વનું ભાન વધારે કરાવે છે. ત્યારે જ તેમનું મૂલ્ય સમજાય છે. કવિ ઉમાશંકરનું એક અદભુત કાવ્ય છે; **''પિતાના ફૂલ'' પિતાના ખભા ઉપર આપણે ફીકરોનો અને ચીંતાનો ભાર થઈને આપણે ફર્યા,** ત્યાં સુધી આપણા બેફિકરાઈના દિવસો હોય છે. આનંદ અને મસ્તીના દિવસો હોય છે.

વર્તમાન સમયના વહેતા પ્રવાહમાં પીતાના લાડકા સંતાનોનો ઉછેર સુખ-સગવડોની વચ્ચે ઉચ્ચ પ્રકારનું શિક્ષણ મળે તેવા શુભઆશયથી શહેરની નંબર વન કહેવાતી સ્કુલોમાં અને કોલેજમાં ભણાવે છે. વધુ માસ્ટર્સની ડિગ્રી મેળવવા પરદેશ પણ સંતાનોને મોકલી આપે છે. ત્યારે એ સંતાનો પાછા માતા-પિતા પાસે આવવા તૈયાર નથી થતા. તો જે સંતાનો પાછા આવી માતા-પિતા સાથે રહેવા તૈયાર થાય છે અને સારી કંપનીમાં ઊંચા પગારે જોબ મેળવ્યા બાદ એ જ સંતાનોને માતા-પિતા સાથે ફાવતું નથી. એક દિવાલ અહંકારની ઊભી થઈ જાય છે. પરિણામે સંતાનો અને માતા-પિતા અલગ અલગ ઘરમા રહે છે.

આવા સંજોગોમાં માતા પોતાના સંતાનોની ચિંતા બોલીને, રડીને પણ વ્યક્ત કરી શકે છે, પરંતુ પિતા નથી બોલી શકતા કે નથી સંતાનોને ઠપકો આપી શકતા. તેમ છતાં મનના એકાંતમાં ચિંતા તો કરતાં જ હોય છે. એટલે જ માતાનું વહાલ દેખાય છે અને પિતાનું વહાલ મૌન રહે છે. પિતા ભરણપોષણ માટે નિરંતર રત રહે છે. સંતાનોના ઉછેર અને ભવિષ્ય માટે સખત પરિશ્રમ કરે છે. શારિરીક અને માનસિક રીતે એટલુંય ભ્રમણ કરીને પોતાની જવાબદારીને સંપૂર્ણ નિભાવે છે.

પિતાનો સંસ્કાર વારસો શોભાવવો અને સંભાળવો તે પિતૃઋણમુક્તિ છે. અર્થાત તે માટે તો **ફરીથી રામ જેવા પુત્રએ અને શ્રવણ જેવા પુત્રોએ ફરીથી જન્મ લેવો પડે. આવો મિત્રો ! આપણે જાણીએ કે દુનિયાની મહાન વ્યક્તિઓ 'ફાધર્સ ડે' વિશે શું માને છે, તેમના જ શબ્દોમાં;**

*A Wise Father Teaches Skill Courage, Concentration on the job in hand.*
*Self Discipline, Encourages enthusiasm A Spirit of enquiry*
*Gentleness, Kindliness, Patience Courtesy and love...*

**• Pam Brown.**

*My Dad throws me up in the air and he throws me high and he never drops me*

**• Jessica Robinson**

**Tank you papa, for your love, long, live Healthy... Happy Life**

❑ ભારતી બી. શાહ

# એક્સપોર્ટ-ઈમ્પોર્ટ કોર્સ

કોઈપણ સામાજીક સંસ્થા જ્યારે સમાજના હિતને ધ્યાનમાં રાખીને કાર્યક્રમોનું આયોજન કરે છે, ત્યારે તેનો લાભ સમાજને જરૂરથી મળે છે, શિક્ષણમાં પણ વ્યવસાય ઉપયોગી વિષય પર સંસ્થા જ્યારે ધ્યાન કેન્દ્રિત કરે છે, ત્યારે મળતા લાભ વિશિષ્ટ હોય તે સ્વાભાવિક છે.

પાટણની પ્રજા વેપાર અને ઉદ્યોગો સાથે જોડાયેલી છે, **વિવિધ ઉદ્યોગો સાથે સંકળાયેલી આ પ્રજા માટેનું વિકાસ દ્વારા એટલે વૈશ્વિક વેપાર - એક્સપોર્ટ અને ઈમ્પોર્ટ.** આ વિષયની જાણકારી આપણાં ભાઈ-બહેનોને મળે તેવો પ્રગતિકારક વિચાર **પ્રમુખશ્રી દાનેશભાઈને** આવ્યો, અન્ય સાથીઓ સાથે વિચાર વિમર્શ કરી એક કાર્યક્રમનું નિર્માણ કર્યું. આપણી પાસે સુંદર હોલ છે, સર્વ વ્યવસ્થા છે તો તેનો ઉપયોગ પાટણના ભાઈઓ-બહેનો માટે થાય તેવા આશયથી એક્સપોર્ટ ઈમ્પોર્ટના કોર્સનું આયોજન કરવામાં આવ્યું. દર અઠવાડિયે, દર મંગળવારે સાંજના ૭ થી ૯ વાગ્યા સુધી આ કોર્સ થશે તેવું નક્કી થયું. જેમાં વ્યવહારિક જ્ઞાનને વધુ મહત્વ આપવામાં આવ્યું તથા આ વિષયમાં તદ્દન નવા લોકોને પણ લક્ષમાં રાખી વિષયો નક્કી કરવામાં આવ્યા.

વ્યક્તિગત ધ્યાન આપી શકાય તે હેતુથી વર્ગની સંખ્યા ૩૦ જેટલી નક્કી કરવામાં આવી. ગુગલ ઉપર રજીસ્ટ્રેશન ફોર્મ ભરવામાં આવ્યું. પ્રતિબિંબ દ્વારા સમાજને આ બાબતે માહિતી આપવામાં આવી. પરિણામ રૂપે, જાગૃત અને વિકાસશીલ સમાજે ખૂબજ સુંદર પ્રતિસાદ આપ્યો.

**તા. ૧૭ જાન્યુઆરી, ૨૦૨૩ના શુભ દિવસે આ કોર્સનો પ્રારંભ થયો. પ્રમુખશ્રી દાનેશભાઈ શાહે** સૌને આ કોર્સનો સુંદર લાભ લેવાની પ્રેરણા આપી તથા કોર્સની સફળતા માટે આશિર્વચનો આપ્યા.

**આ કોર્સમાં એક્સપોર્ટ એટલે શું ? એક્સપોર્ટ કેવી રીતે શરૂ કરી શકાય, વિદેશી ગ્રાહકો કેવી રીતે મેળવી શકાય તેની વિગતે છણાવટ કરવામાં આવી હતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિશ્વવેપાર માટે જરૂરી Incoterms Payment Terms, L/C, Exhibition જેવા વિવિધ વિષયોની સરળતાપૂર્વક સમજણ આપવામાં આવી હતી.**

દરેક વર્ગમાં એક ચોક્કસ વિષય પર જરૂરી માહિતી આપવાનો ઉપક્રમ વિદ્યાર્થીઓને ખૂબજ ઉપયોગી બન્યો હતો.

દરેક વિષયની વધુ સમજ પડે અને શીખેલું ભવિષ્યમાં કામ લાગે તે માટે ખાસ તૈયાર કરેલ Handouts દરેક ક્લાસમાં આપવા આવ્યા હતાં જે આ વિષયનું રિવિઝન કરવામાં ખૂબજ મદદરૂપ નિવડી શકે તેમ છે. વિષયને અનુરૂપ દાખલાઓ દ્વારા તેની સમજને વધુ સ્પષ્ટતા મળતી હતી.

આખો કોર્સ ખૂબજ ઈન્ટર એક્ટીવ રહ્યો હતો, જે વિદ્યાર્થીઓની સજાગતાનું પરિણામ હતું. વિદ્યાર્થીઓના Participationનું લેવલ ખૂબજ ઉચુ હતું તેનો વિશેષ આનંદ. બે વખત પરીક્ષા પણ લેવામાં આવી હતી, જેથી કેટલું શિખ્યા છીએ તેની ચકાસણી પણ થઈ હતી.

એક્સપોર્ટની સાથે સાથે ઈમ્પોર્ટને પણ આવરી લેવામાં આવેલ. વર્ગમાંજ ડ્યુટીની ગણતરી કેવી રીતે કરાય તે પ્રત્યક્ષ બતાવવામાં આવ્યું હતું. વ્યક્તિગત પ્રશ્નોના સુંદર જવાબો આપવામાં આવ્યા હોવાથી સૌને વિશેષ જાણકારી મળી અને પોતાના વ્યવસાયમાં તેઓ લાભ પણ મેળવી શક્યા. જ્ઞાનની સીડી ચઢી સમાજ સમૃદ્ધ બને તેવી મંડળની શુભ ભાવનાને સાકાર કરવામાં આ કોર્સ ચોક્કસ નિમિત્તરૂપ બન્યો છે.

સૌ સફળ વ્યક્તિઓને સર્ટિફિકેટ પણ આપવાનું નક્કી કર્યું છે. ભાગ લેનાર વિદ્યાર્થીઓના અભિપ્રાય તમને પ્રતિબિંબ તથા મંડળના સોશિયલ મિડિયા દ્વારા જરૂરથી જાણવા મળશે.

**શ્રી ભાવિકભાઈએ** આ કાર્યક્રમને સફળ કરવા માટે ખૂબજ મહેનત કરી હતી. મંડળના સ્ટાફનો સહકાર પણ પ્રશંસનીય રહ્યો છે.

તા. ૨જી મે ને મંગળવારે શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કોમ્પ્યુનિટી હોલમાં પાટણના ભાઈઓ-બહેનો માટે એક્સપોર્ટ ઈમ્પોર્ટના કોર્સની પૂર્ણાહુતિ થઈ ત્યારે આપણા **પ્રમુખશ્રી દાનેશભાઈ, ઉપપ્રમુખ શ્રી જનકભાઈ** તથા સર્વ પદાધિકારીઓ અને અન્ય મહાનુભવોએ હાજર રહી, વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો. આ પ્રસંગે આ કોર્સની ફેકલ્ટી **શ્રી અજીતભાઈ જયંતિલાલ શાહ** (લીમડીનો પાડો)નું અભિવાદન મંડળ તરફથી કરવામાં આવ્યું હતું.






# શ્રી તુષાર પ્રવિણચંદ્ર શાહ પબ્લીક હેલ્થકેર સેન્ટર (ભાયંદર)









તા. ૨૪ મે. ૨૦૨૩, બુધવારના શ્રી પાટણ જૈન મંડળ દ્વારા **'શ્રી તુષાર પ્રવિણચંદ્ર શાહ પબ્લિક હેલ્થ કેર સેન્ટર'** સિદ્ધાર્થ કો.હા.સો. શિવસેના ગલી, ભાયંદર (વે) ખાતે હેલ્થકેર સમિતિ અંતર્ગત વાઈસ પ્રેસિડન્ટ **શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ** (સાલવી)ના માર્ગદર્શન અને હેલ્થકેર સમિતિના સેક્રેટરી **શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ** (રાણીવાલા)ના પ્રયત્નોથી **શ્રી પંચાસરા પાર્શ્વનાથ દાદાની વર્ષગાંઠના શુભ દિવસે કુ. લબ્ધી નિલેશભાઈના હાથે કુંભ મુકીને મંગલ પ્રારંભ** કરવામાં આવ્યું. ત્યારબાદ **શીતલ ભાવેશભાઈ** દ્વારા મોટી શાંતિનું તેમજ મંડળના પ્રમુખ શ્રી દાનેશભાઈ દ્વારા ગૌતમ સ્વામી છંદનું ખુબજ ભાવ પૂર્વક પઠન કરવામાં આવ્યું.

સેન્ટરના લાભાર્થી **શ્રી તુષાર પ્રવિણચંદ્ર શાહ તેમજ શ્રીમતી ચારુબેન તુષારભાઈ** દ્વારા રીબીન કાપીને કરીને સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

આ પ્રસંગે સ્થાનિક વિધાયક અને ભારતીય જનતા પાર્ટીના **જિલ્લા અધ્યક્ષ શ્રી રવિભાઈ વ્યાસના માતુશ્રી અને નગરસેવક શ્રીમતી સુધાબેન વ્યાસે** વિશેષ હાજરી આપી હતી.

શ્રી પાટણ જૈન મંડળના વાઈસ પ્રેસિડન્ટ **શ્રી હેમંતભાઈ સાલવી, શ્રી રાજેન્દ્રભાઈ શાહ, શ્રી હિતેનભાઈ વિમાવાળા, શ્રી રોહિતભાઈ શાહ** તેમજ હેલ્થકેર સમિતિના સેક્રેટરી **શ્રી સંજયભાઈ, શ્રી મયુરભાઈ, શ્રી મિલનભાઈ, શ્રી જીગરભાઈ** તેમજ મેડિકલ સમિતિના સેક્રેટરી **શ્રી નિખિલભાઈ અને સભ્ય શ્રી હેમંતભાઈની** ખાસ ઉપસ્થિતિ હતી. સાથે સ્થાનિક કાર્યકર્તા **શ્રી નિલેશભાઈ કાંતિલાલ, શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર, શ્રી દેવાંગભાઈ અશોકભાઈ, શ્રી જીજ્ઞા અનિલભાઈ** તથા અન્ય કાર્યકર બહેનોનો સાથસહકાર મળ્યો હતો.

આ સેન્ટરમાં બોરીવલીથી વિરારમાં વસતા સમાજના તેમજ અન્ય સમાજના લોકો બીમારી પછી ઘરે સારવાર માટે જરૂરી મેડિકલ સાધનોનો રીફન્ડેબલ ડિપોઝિટ આપી લાભ લઈ શકશે.

આ સેન્ટર ગોરેગામ, બોરીવલીની જેમ મંડળની અલગ અલગ સહાયના ફોર્મ આપવા લેવા તેમજ અન્ય પ્રવૃત્તિઓ માટે પણ કામ કરશે. સેન્ટર ચાલુ કરવામાં ઘણા સમયથી **શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ** (રાણીવાલા) પ્રયત્ન કરી રહ્યા હતા અને સંસ્થાના પ્રમુખ **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાળા)** એ તરતજ એમની વાતને મહત્વ આપીને કાર્ય પરિપૂર્ણ કરવા સંમતિ આપીને સમાજને એક નવા સેન્ટરની ભેટ આપી. આ સેન્ટર શરૂ કરવામાં હેલ્થકેર સમિતિના સેક્રેટરીઓ **શ્રી મયુરભાઈ સુરેશચંદ્ર જૈન, શ્રી સંજયભાઈ કીરીટભાઈ શાહ** તેમજ **શ્રી વિપુલભાઈ વિરેન્દ્રભાઈ નગરશેઠનો** અમૂલ્ય સાથ સહકાર મળ્યો.

ઓક્સિજન મશીન, ઓક્સિજન સિલિન્ડર, ફોલ્ડીંગ બેડ, એર બેડ, વ્હીલચેર, ન્યુબીલાઈઝર, સક્શન પંપ, સલાઈન સ્ટેન્ડ, બેક રેસ્ટ, વગેરે વગેરે અનેક સાધનો છે.

**સંપર્ક : શ્રી જીજ્ઞાબેન અનિલભાઈ મો. ૯૦૨૯૫૨૧૦૦૦ સમયઃ સવારે ૯ થી ૧૨.૩૦ સાંજે ૪ થી ૬.૩૦સુધીમા સાધનો મળશે.**

## દિવ્યાંગબાળકોનુ ગેટ-ટુ-ગેધર અહેવાલ

૩૦મી મે ના રોજ સમર ગેટ-ટુ-ગેધર હિન્દુ જીમખાનામાં દિવ્યાંગ બાળકો માટે રાખવામાં આવ્યું હતું. જેમા **શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ** આવ્યા હતા તેમના તરફથી બોલપેન ભેટ આપવામાં આવી હતી, દરેક બાળકોને ખુબ આનંદ થયો હતો. **માનનીય જે.કે. શાહ સાહેબને યાદ** કરીને કેરીનો રસ આપવામાં આવ્યો અને **રાજેન્દ્રાબેને** એ બધાને એક કવર ગીફ્ટમાં આપ્યું. **શ્રીમતી હીનાબેન શાહ** તરફથી દરેક બાળકોને પોતાના પિક્ચર સાથે ફોટો ફ્રેમ આપવામાં આવી અને બાળકો એકદમ ખુશીથી નાચી ઉઠ્યા.

**શ્રી ભાવીકભાઈ સતીશભાઈને** તેજ દિવસે બર્થડે હોવાથી બાળકોની સામે કેક કટીંગ કરી સૌને કેક ખવરાવી સાથે વોટર બોટલની ગીફ્ટ આપવામાં આવી હતી.


પાટણ ખાતે દીશાના બાળકો દ્વારા જય ભોલે ફ્રેન્ડ્સ ગ્રુપ આયોજીત નાઈટ ક્રેકેટ ટુર્નામેન્ટ ૨૦૨૩માં રમતગમતમાં પ્રોત્સાહન મળે તે માટે બાળકોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. ઓપનીંગ સેરીમની સમયે બન્ને ટીમના બાળકોને બેન્ડવાજા સાથે પુરા ગ્રાઉન્ડમાં રાઉન્ડ મરાવ્યો હતો, તેઓ માટે જમવાની અને ટ્રાન્સપોર્ટની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

પાટણ સુધરાઈના વોટર ડિપાર્ટમેન્ટના **હેડ શ્રી દિક્ષીતભાઈ** પટેલે બધા બાળકોને સુંદર ટ્રોફીની ગીફ્ટ આપી પ્રોત્સાહન કરી અભિનંદન આપ્યા








## સંસ્થા સમાચાર

શ્રી પાટણ પાંજરાપોળ 'પુણ્યાનુબંધી પુણ્ય કમાવવાનો અનોખો અવસર' **શ્રી પાટણ પાંજરાપોળ ખલીપુર** ખાતે લગભગ ૧૫૦૦ પશુઓ સાચવે છે, તેમાં ખાસ કરીને બિમાર પશુઓની સારવાર માટે **"ICU Unit"** નું Renovation કરવામાં આવેલ છે.

**"ICU Unit"** ને અલગ અલગ ૬ વિભાગમાં વહેચવામાં આવેલ છે.

(1) ICU-1, (2) ICU-2, (3) ICU-3, (4) ઓપરેશન થિયેટર OPT-1, (5) ઓપરેશન થિયેટર OPT-2, (6) Dispensary


આ પ્રત્યેક વિભાગ ઉપર દાતા પરિવારના નામ લખવામાં આવશે, નકરો : ૧૧ લાખ રૂપિયા નક્કી કરવામાં આવેલ છે.

માંદા પશુઓને શાતા આપવાથી જીવનમાં શાંતિ મળે છે અને સમાધીમરણની પ્રાપ્તિ થાય છે. આ અનોખી તકનો લાભ લેવા વિનંતી.

**વધુ વિગતો માટે શ્રી દિપકભાઈ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬, શ્રી નિખિલભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩**

**ખાસ નોધઃ-** વર્ષ દર ઘાસનું દાન આપનાર દાતાઓનો સન્માન સમારંભ તા. ૨૫-૧૨-૨૦૨૩ને રવિવારે માગસર સુદ ૧૩ના દિવસે વિચારેલ છે. ઉપરના ICU ના તમામ દાતાઓનું સન્માન તેજ દિવસે કરવામાં આવશે.

# પર્યાવરણની રક્ષા કરીએ







પ્રિય વાચક મિત્રો,

લો પ્રસ્તુત પ્રતિબિંબ આપના કરકમળમાં સંપાદિત થઈ રહ્યું છે, અલબત્ત હૃદયની લાગણી તો એટલી જ છે કે આપ સહુ વાચક મિત્રોનો પ્રેમ મારા પ્રયાસને મળી રહ્યો છે.

વર્ષારાણીનું આગમન થઈ ગયું છે, તેના સ્નેહવારિના અભિષેકથી વસુંધરા નવા કલેવર ધારણ કરી ઝુમી રહી છે. ત્યારે કુદરતના આ કરિશ્માને સલામ કરવાનું મન તો જરૂરથી થાય જ છે, પણ શું આપ સૌને એમ નથી લાગતું કે ભોગવાદની આ દુનિયામાં આપણે ઋતુઓ સાથે પરાયાપણું રાખતા થઈ ગયા છીએ ? એટલે જ આપણી બધી ઋતુઓ કેલેન્ડરની ઓશિયાળી બની ગઈ છે. તેનું મૂળ છે પર્યાવરણ. સમયના વહેતા પ્રવાહમાં પર્યાવરણની રક્ષા કરવાનું આપણે ભૂલી ગયા છીએ, જે છેલ્લા કેટલાંક વર્ષોથી એક મોટી સમસ્યા બની ગઈ છે.

પર્યાવરણનું એક મૌલિક સૂત્ર છે, કેવળ મારું જ અસ્તિત્વ નથી, આ વિશ્વમાં હું એકલો નથી, દરેક વ્યક્તિ પોતાની આસપાસની બધી દિશાઓમાં પર્યાવરણનું કવચ પહેરીને શ્વાસ લઈ રહી છે એના પરિપાર્શ્વમાં જીવ અને અજીવ બન્નેનું મહત્વ છે. આમ પર્યાવરણ એ ‘Unity of Life’ છે. હવામાનને શુદ્ધ રાખીને હરિયાળા વૃક્ષો સાથે જીવવાનો જો આનંદ લેવો છે, ભરપુર ઓક્સીજનની જરૂર છે તો પર્યાવરણનું જતન કરવાનો ધર્મ પાળવો પડશે. કેમકે પૃથ્વી પર રહેનારા લોકો જ પૃથ્વીને નુકસાન પહોચાડે છે. ધરતી, હવા, પાણી જેવી અત્યંત મૂલ્યવાન ચીજો કુદરતે માનવીને મફત આપી છે. હવા માટે રેશનકાર્ડની જરૂર હોત તો ? પાણી માટે સુપરમાર્કેટમાં જવું પડત તો (બિસલેરીની વાત નથી) જે મફતમાં મળે છે તેની કોઈ કિંમત નથી.

આ પૃથ્વીની પણ એક ભાષા છે તેના પાંચેય તત્વો પાસે સ્વયંને અભિવ્યક્ત કરવાના પોતાના રસ્તા છે. પર્યાવરણના પાંચ તત્વોની જેમ આપણી અંદર પણ પાંચ તત્વો છે, જે બહારના તત્વો સાથે એક સૂર સાધી ને સંવાદિતા સાધવાનું કામ કરે છે જેને આપણે ચૈતન્ય કહીએ છીએ. પર્યાવરણ આ ચેતન્ય સાથે તાલમેલ પૂર્વક જીવવાની સમજણ આપે છે.

૧૯૭૨, ૫ જુનના રોજ સયુંક્ત રાષ્ટ દ્વારા સ્ટોકહોમ કોન્ફરન્સ ‘ON THE HUMAN ENWIREMENT’ વિશ્વ પર્યાવરણ દિનની સ્થાપના કરવામાં આવી હતી. એક વર્ષ બાદ ૧૯૭૩માં પ્રથમ વિશ્વ પર્યાવરણ દિવસનું આયોજન Only One Earth વિષય સાથે કરવામાં આવ્યું હતું.

સમગ્ર વિશ્વની પૃથ્વી તો એકજ છે આપણે તેને દેશ-વિદેશના અનેક ટુકડાઓમાં વિભાજન કર્યું છે કારણકે એનું સર્જન અબજો જીવોના જીવ માટે થયું છે. પૃથ્વીને લિવીંગ પ્લેનેટ કહેવાય છે, એટલા માટે નહીં કે એના ઉપર જીવન પાંગરે છે, પરંતુ પૃથ્વીના પેટાળમાં પણ જીવન છે. સમુદ્રના તળિયે અગ્નિ છે, પૃથ્વી એની માટી છે તૃણ કે વૃક્ષો દ્વારા પાણીના જીવો શ્વાસ લે છે.

પર્યાવરણની સુરક્ષા માત્ર એકજ દિવસ માટે નથી કરવાની હંમેશા માટે કરવાની છે. એક વૈજ્ઞાનિક સૂત્ર છે, ‘‘પર્યાવરણ સંતુલન બગડે એટલે સમગ્ર દુનિયાને મૃત્યુનું આમંત્રણ આપ્યું એમ કહેવાય.’’ માનવી જ્યારે કુદરત સાથે ચેડા કરે છે, વિપરિત રીતે વર્તે છે ત્યારે માનવીને એનો દંડ ભોગવવો જ પડે છે.

પુષ્પોએ આપણી પૃથ્વીનો ચહેરો બદલી નાખ્યો છે, સુંદર મજાના રંગબેરંગી નાજુક પુષ્પો માનવીને ઋજુતાનો સંદેશ આપે છે, ખિલતા રહો, હસતા રહો ને સૌને મળતા રહો. ધરતી કહે છે કે; ‘‘હે માનવ હવે બસ કર, મારા પર વધારે જુલ્મ ના કર, મારી સહનશક્તિની હદ







આવતી જાય છે.'' પ્રકૃતીનો રકાસ થતો જાય છે. હવામાં કાર્બનડાયોકસાઈડનું પ્રમાણ વધતું જાય છે. હાલમાં જ આપણે સહુ એ સમાચારથી વાકેફ છીએ કે કેનેડામાં લાગેલી ભીષણ આગને કારણે તેની અસર અમેરિકાના અનેક મુખ્ય શહેરો સુધી પહોંચી ગઈ. માનવીના સ્વાસ્થ્ય પર એની અસર પહોંચી. માનવજાતે પ્રકૃતિના સમતોલનમાં વિક્ષેપ નાખવાના જીવલેણ અખતરા શરૂ કર્યા ત્યારથી પર્યાવરણની સમસ્યાના બીજ રોપાયા. આ વર્ષે પણ ગરમીનું પ્રમાણ અસહ્ય બન્યું, દર વર્ષે પૃથ્વીનું તાપમાન વધતું જ રહે છે. પ્લાસ્ટીકનો બેફામ ઉપયોગ ઝેરી રસાયણ ફેકે છે અબોલ જીવો તે ખાઈને મોતના શરણે જાય છે.

પ્રભુ મહાવીરે જૈન ધર્મોના સિદ્ધાતો દ્વારા સમગ્ર વિશ્વને આગવી જીવન શૈલી પ્રદાન કરી છે. જીવમાત્ર પ્રત્યે આદર, પર્યાવરણની સુરક્ષાના સંદેશ સાથે ''જીવો અને જીવવા દો''ની વિચારધારાનો સંદેશ આજે પણ સમગ્ર વિશ્વમાં પ્રભાવ પાડી રહી છે. જૈન ધર્મમાં અહિંસા, અપરિગ્રહ, સંયમને જીવનમાં અપનાવો, પાણીને ઘી ની જેમ વાપરો અને કુદરતના બધા જ તત્વોમાં પરમાત્માનો વાસ છે, તેમ માનીને તેનું જતન કરો. કુદરત અને મનુષ્ય વચ્ચેનો અનુબંધ ન તૂટે તે જોવાની ફરજ સમગ્ર માનવ જાતની છે.

*વિશ્વ પર્યાવરણને અનુલક્ષીને એક હૃદયસ્પર્શી પંક્તિ વાંચવા મળી છે.*
*વન મેં વૃક્ષો કા વાસ રહને દો, ઝિલ ઝરનો મેં સાંસ રહને દોઃ*
*વૃક્ષ હોતે હૈ વસ્ત્ર જંગલ કે, છોડો મત યે લિબાસ રહને દો,*
*પૈડ પૌધે ચિરાગ હૈ વન કે, ઉન મેં બાકી ઉજાશ રહને દો;*
*વન વિલક્ષણ વિદ્યા હૈ, કુદરત કી, ઈસ અમાનત કો ખુશ રહને દો,*
*ઈમરસન કહે છે, કુદરતની સુંદરતા એ ઈશ્વરના હસ્તાક્ષર છે, તેને ભૂસી ન નાખો.*



**અસ્તુ**

## અનુભવની સાચી કિંમત

એકવાર એક વિશાળકાય દરિયાઈ જહાજનું એન્જિન સફરની વચ્ચોવચ્ચ બગડી ગયું. જહાજમાં હાજર કોઈપણ એન્જિનિયર આ એન્જિન ચાલુ ના કરી શક્યા ત્યારે મોટી કંપનીના મોઘા એન્જિનિયરોને હેલિકોપ્ટર દ્વારા બોલાવાયા. તેઓ પણ કઈ ના કરી શક્યા. ત્યારે ત્યાંના એક યાત્રીએ પોતાનો એક મિત્ર નીલ પણ અનુભવી એન્જિનિયર છે તેને બોલાવાની વાત કહી. કેપ્ટનની પરમિશન બાદ તે એન્જિનિયરને બોલાવવામાં આવ્યો આ એન્જિનિયરે એન્જિન પાસે જઈને બે-ત્રણ આંટા માર્યા ને છરેરાટી કરતા મશીન તરફ કાન સરવા કર્યા એ પછી એક જગ્યાએ ચઢીને તેણે એક સ્ક્રુ ટાઈટ કર્યો અને કર્યું હવે એન્જિન ચાલુ કરો અને પળવારમાં તો એન્જિન ચાલુ થઈ ગયું. ખુશ થયેલા કેપ્ટને નીલને બિલ વિશે પૂછયુ.

નીલે કહ્યું, 'દસ હજાર', કેપ્ટન તો ચોંટી ગયો એક સ્ક્રુ ટાઈટ કરવાના દસ હજાર?

નીલ એન્જિનિયરે કહ્યુ, 'સ્ક્રુ ટાઈટ કરવાના તો ફક્ત સો રૂપિયા જ થાય છે, પણ સ્ક્રુ ક્યાં ટાઈટ કરવાનો ટાઈટ કરવાનો છે તે અનુભવની કિંમતના નવ્વાણું સો રૂપિયા છે.'

(બોધઃ જીવનમાં આવડતની સાથે જો અનુભવ ભળેલા હોય તો તેની સાચી કિંમત ઓળખી લેવી જોઈએ)

**સંકલન - પ્રતિબિંબ**

## શાળાના સંભારણા

મારી શાળાની વાત ન પૂછો,
મારી શાળા મને વ્હાલી છે,
બી.ડી. હાયસ્કુલની વાત ન પૂછો
એની વાત તો ન્યારી છે....

ફાટીપાળ દરવાજાની બહાર
એક-દોઢ કિલો મીટર ચાલીને,
હોંશે હોંશે ભણવા જવાની
મજા તો બહુ ન્યારી છે...

જો મોડા પડ્યા તો સ્કુલના
ત્રણ ચક્કર મારવા પડે,
સ્કુલે સરની કડક શરતની આગળ
થઈ જઈએ પાણી પાણી રે....

ચારેબાજુ વનરાઈને
વચ્ચે એતો આવી છે,
ઘોંઘાટથી દૂર રહી શાંત પ્રકૃતિના ખોળે,
ભણવાની મજા ન્યારી છે....

દર મહિને ધ્વજવંદન કરવું,
દેશપ્રેમની બલિહારી છે,
દર શનિવારે કસરત કરવી,
સ્વાસ્થ્યની સુખાકારી છે...

ફુટબોલ-વોલીબોલ-હોકી અને કબ્બડી
ખોખો રમતોની ભરમારી છે,
સ્વીમીંગ-સીંગીંગ-બેટીંગ-ટાઈપીંગ
શોઈંગ શીખવાની મજા બહુ ન્યારી છે....

દરસાલ વાર્ષિક દિન ઉજવાય,
ઉત્સાહ બહુભારી છે,
નૃત્ય-રાસ-ગરબા-નાટક
ભાગડાની મોનોપોલી છે....

આઠમા ધોરણથી કોમર્સ ટેકનીકલ
જનરલ સ્ટીમની ચોઈસ છે,
એન.સી.સી. એરવીંગ-આરવીંગની
ટ્રેઈનીંગ બહુ ભારી છે....

ગૌરવવંતી શાળાનું
ગૌરવ અમને ઘણું છે
એવી શાળા 'રચના'ના
અંતરપટ પર કોતરાઈ છે....

**લેખિકાઃ શ્રીમતી રચના વિક્રમ શાહ**
**(મણિયાતી પાડો)**

### વસ્તી પત્રક પ્રકાશન-૨૦૨૩માં છપાયેલ જાહેર ખબરનો સુધારો


SPNP
PAPER & PACK PVT. LTD

MFG. OF CORRUGATED BOXES, ROLLS & SHEETS & OFFSET PRINTING

Importers of :
Thai (ISO Certified) Board & Kappa Board

Exporters, Stockists & Distributors of :
Indian Stiff Mill Board (Kiran, Golden & Sun Board )
Kappa Board : (Smart, Hi Tech, Zeus & Tusk Brand)
White / Grey Board, PE Coated Board,
Cake Base & Colured Boards)
FBB/Kraft & FBB Kappa Board

Dhiren Shah 9821139929
Manish Shah 9321113228
Priyank Shah 9969508795
Harshil Shah 9769928732

**Office :** 503, Madhu Industrial Park, Avadh Narayan Tiwari Marg, Off.Old Nagardas Cross Road, Andheri - (East), Mumbai - 400 069.

**Fact :** Gr. Floor, Survey No. 425/1/2/3/3, Plot No. 136, Daman Ganga, Industrial Park- II, Vapi Dungra Road, Dungra, VAPI, Valsad, Gujarat, 396 193.

Off. : 9769928732 / 9321113228 Email : spnppaperandpackvapi@gmail.com
Website : www.spnppapernpack.com


## પાટણ પ્રતિબિંબ

**(રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે) ફોર્મ નં. ૪**
**'પાટણ પ્રતિબિંબ' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.**

પ્રસિદ્ધિનો સ્થળ : **શ્રી પાટણ જૈન મંડળ**
૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીનડ્રાઈવ, મુંબઈ-૨૦
પ્રસિદ્ધિનો ક્રમ : દર મહિને તા. ૨૫ અથવા ૨૬ મી
મુદ્રકનું નામ : અરિહંત પ્રિન્ટીંગ પ્રેસ
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : બિલ્ડીંગ નં. ૩૧૦, સાઈબાબા નગર,
પંત નંગર, ઘાટકોપર (ઈ), મુંબઈ - ૪૦૦૦૭૫
પ્રકાશનું નામ : **શ્રી પાટણ જૈન મંડળ, સંપાદક સમિતિ**
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ
તંત્રીનું નામ : **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ

હું શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ, માનદમંત્રી, સંપાદક સમિતિ આથી જાહેર કરું છું કે, ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

મુંબઈ, **સહીઃ ભારતીબેન ભગુભાઈ શાહ**
તા. ૧૭-૦૫-૨૦૨૩ **માનદમંત્રી - સંપાદક સમિતિ**

# અભિનંદન



**શ્રી સંદિપભાઈ રમેશચંદ્ર શાહ** (રેશ્મો) (કટકિયા વાડો)
શ્રી પાટણ જૈન મંડળના શિક્ષણ સમિતિના સેક્રેટરી
તેઓ વર્ષ ૨૦૨૩-૨૦૨૫ માટે નાગદેવી ખાતે (Eisma)
મીલજીન એસોશિયેશનના પ્રેસિડન્ટ તરીકે નિમાયા છે.





**શ્રી પ્રિતેશભાઈ કીરીટભાઈ શાહ** (નંદરબારવાલા) (ઢંક મહેતાનો પાડો)
શ્રી પાટણ જૈન મંડળના એડમિન સેક્રેટરી.
તેઓ વર્ષ ૨૦૨૩-૨૦૨૫ માટે
Federation of Associations of Maharashtra
(FAM) ની Director General
તરીકે તેમની નિમણૂંક કરવામાં આવી છે.





શ્રીમતી જીનલબેન સમીરભાઈ સતીષચંદ્ર કાપડિયા (ઢંક મહેતાનો પાડો, ગોરેગામ) ના સુપુત્ર **વિહાન કાપડિયાને** પાટણ એમેચર લીગમાં મેન ઓફ ધ સીરીઝ એવોર્ડ એનાયત થયેલ છે, વિહાન એમેચર લીગનો યંગેસ્ટ પ્લેયર હતો. આ ઉપરાંત વિહાને CBSE 2022-2023 પરીક્ષામાં 96.2% સાથે સોશિયલ સ્ટડીઝમાં 100/100 માર્ક્સ મેળવવાની સિદ્ધિ હાંસલ કરેલ છે, સ્પોર્ટ્સ અને સ્ટડીઝ એમ બન્ને ક્ષેત્રમાં Fantsastic Performance આપીને પરિવાર તથા સમાજનું ગૌરવ વધારેલ છે, તે બદલ વિહાનને હાર્દિક અભિનંદન.




**ઉત્કૃષ્ટ, સ્વાદિષ્ટ તથા પૌષ્ટિક જૈન ભોજન માટે અવશ્ય પધારો**

**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ** સંચાલિત

## શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

**ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩**

**નૂતન સહાય યોજના**

- **મુખ્ય આધાર સ્થંભ: રૂા. ૩,૧૧,૦૦૦/-** • **સહાયક આધાર સ્થંભ: રૂા. ૧,૧૧,૦૦૦/-**
- **દાતા ફોટો યોજના: રૂા. ૫૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળામાં મૂકવામાં આવશે.
- **રૂા. ૪૦,૦૦૦/-** એક સાધર્મિકને ૧ વર્ષ માટે રોજના બે સમય ભોજન માટે.
- **વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના: રૂા. ૫,૦૦૦/-** ચતુર્વિધ સંઘ સહાયક ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો. • તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીઓના નામ લખવામાં આવશે.

**સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘની ગણના પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.
એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.
આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સેવાનું ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ – મો. ૯૮૨૧૦૩૫૦૧૧**
**સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✳ મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ**

ADVT

## શ્રી પાટણ જૈન મંડળ જીવન મહેક સમિતિ આયોજિત કાર્યક્રમ




શ્રી પાટણ જૈન મંડળની અનોખી પહેલ જીવન મહેક કમિટી દ્વારા સમાજના અવિવાહિત યુવક-યુવતિઓનું Friendship Group બનાવવામાં આવ્યું છે. તેને સમાજ તરફથી ખુબજ સુંદર પ્રતિસાદ મળી રહ્યો છે.

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા એક નવા વિઝન સાથે ડિજીટલ જીવનસાથી ગ્રુપ બનાવવામાં આવ્યું છે, આ એક અનોખું વોટ્સએપ મેટ્રીમોનિયલ ગ્રુપ છે જેમાં આપણા સમાજનાં દેશ-વિદેશમાં રહેતા દરેક પટણીઓ પોતાના નામ નોંધાવી શકશે અને ઉંમર પ્રમાણે યુવક-યુવતિઓને અલગ અલગ ગ્રુપમાં વિભાજીત કરવામાં આવશે, જેથી યોગ્ય પાત્ર શોધવામાં ખુબજ સરળતા રહે.

**Group A - upto 35 age**

**Group B - 35 and abv**

**Group C - divorce, widow & widower**

**Group D - Physically disable**

આ પ્લેટફોર્મ ઉપર ૩૮૦-૪૦૦ ગુગલ ફોર્મની એન્ટ્રી આવી ગયેલ છે, આ જીવનસાથી ગ્રુપની શરૂઆત થઈ ગઈ છે.

આ પાટણ સમાજ તરફથી વિનામૂલ્ય સેવા આપવામાં આવી રહી છે. હજુ પણ જેના પણ નામ આ પ્લેટ ફોર્મ પર નામ નોંધાવવામાં ઈન્સ્ટ્રેટ હોય તે વહેલી તકે ગુગલ ફોર્મ ભરીને ગ્રુપમાં જોડાઈ જવાની વિનંતી છે.

આપના સાથ-સહકારથી આ નવતર પ્રયાસ સમાજનું એક મોટું મેટ્રીમોનીયલ જીવનસાથી પ્લેટફોર્મ બની રહેશે.

વધુ વિગત માટે સંપર્ક : ઉપપ્રમુખ શ્રી હિતેનભાઈ ચંપકલાલ વિમાવાળા (કન્વીનર) : મો. ૯૩૨૩૭૪૨૭૮૯

માનદમંત્રીઓ:શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ : મો. ૯૩૨૩૯૫૩૭૭૯

શ્રીમતી હેમાબેન દર્શનભાઈ શાહ : મો. ૯૭૬૯૩૬૯૧૯૬

શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ : મો. ૯૮૧૯૦૦૭૪૬૯

❑ જીવન મહેક સમિતિ


AAROGYA 365 Presents... Cancer Marker
Prevention is always a better option than cure
Get your Preventive Cancer Profile done today!

Cancer Marker - Female
- Haemogram(CBC)
- Carcino Embryonic Antigen (CEA)
- CA 125
- CA 15.3

~~2980~~ 1499

Cancer Marker - Male
- Haemogram(CBC)
- Free Prostate Specific Antigen(Free PSA)
- Total Prostate Specific Antigen
- Carcino Embryonic Antigen (CEA)
- CA 19.9
- Alpha Feto Protein (AFP)

~~4330~~ 2199

Home Collection Facility Available
9031 247 365
ONLINE BOOKING
Website : www.aarogya247365.com
ADVT

GOREGAON
Flat No. 1, Bldg.No.1, A-Wing, Piramal Nagar Co-Op HSG LTD, Ground Floor, S.V. R.d. Near Patel Petrol, Goregaon (W), Mum.-104.
Mob.: 7276 247 365

BORIVALI
Shop No.2, Shree Pancham Avenue, Near Joggers Park, O ffShimpoli Road, Chikoowadi, Borivali (W), Mum.-92.
Mob.: 8092 247 365

MIRA ROAD
Shop No. 12, Grd. Flr, Happy Home Complex Bldg. No. 1&2, Shanti Park, Near Bank of India , Mira Road (E), Mum.-107.
Mob.: 8758 247 365





## દવા સારવાર સહાય નવીન વ્યવસ્થા

શ્રી પાટણ જૈન મંડળની મેડિકલ સમિતિ દ્વારા સમાજનાં પરિવારો માટે મે માસથી નૂતન દવા સહાય યોજનાનો શુભારંભ કરેલ છે, જેના પરિણામ સ્વરૂપ **દરેક અરજદારને દવા ખર્ચની કોઈપણ રકમ આપવાની રહેશે નહીં.**

(૧) દરેક અરજદારે દર મહિને તા. ૧ થી ૫ દરમ્યાન પોતાની દવાઓનું પ્રિસ્ક્રીપ્શન **(પ્રિસ્ક્રીપ્શન ઉપર અરજદારનું નામ હોવું જરૂરી છે)** પુરુ નામ, સરનામું આપનો મોબાઈલ નં. તથા હાલનો **(Patan FID)** ફેમિલી આઈડી ફરજિયાત લખીને **મો. 8286668666** ઉપર મોકલી આપવાનું રહેશે, જેની નકલ સંસ્થાની જાણ સારુ **મો. 9619723857** ઉપર પણ ફરજિયાત મોકલવાની રહેશે. **તા. ૫ પછીનો ઓર્ડર સ્વીકારવામાં નહીં આવે.**

(૨) સંસ્થા દ્વારા નક્કી થયેલ **Medicimple** એજન્સી મારફત આપના પ્રિસ્ક્રીપ્શન મુજબની દવાઓ અંદાજે પાંચ કામકાજના દિવસો દરમ્યાન ઘરબેઠા પહોંચાડવામાં આવશે.

(૩) **નિયમિત દવા સહાય લેતા સમાજનાં પરિવારોમાંથી જેઓ હજુ આ યોજનામાં જોડાયા ના હોય તેઓએ તેનું નિયત ફોર્મ ભરી તા. ૦૫-૦૭-૨૦૨૩ સુધીમાં જોડાવવું ફરજિયાત છે, ત્યારબાદ આ યોજનામાં નહીં જોડાયેલા પરિવારોને પોતાની દવાનો ખર્ચ જાતે ભોગવી લેવાનો રહેશે જેની ખાસ નોંધ લેવી.**

(૪) આ યોજના અંતર્ગત દરેક ફેમિલીએ રૂા. 1500/- ડિપોઝીટ તરીકે મંડળમાં આપવાના રહેશે જે રકમ આપે **મોડામાં મોડું તા. ૦૫-૦૭-૨૦૨૩ સુધીમાં સંસ્થાના મુખ્ય કાર્યાલય ખાતે ભરપાઈ કરવાના રહેશે.** આપશ્રી **બેન્ક ઓફ બરોડા, સેવીંગ એકાઉન્ટ નં. 04050100007810 ખાતે પણ રકમ ભરી શકો છો. જેનું સ્ક્રીનશોટ, પુરુ નામ, ફેમીલી આઈડી,** શહેરનું નામ મંડળના **મોબાઈલ નંબર 9619723857 ખાતે મોકલી આપવાનું રહેશે.**

❑ **મેડિકલ સમિતિ**


મે - ૨૦૨૩, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોનઃ (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલયઃ- ૩૧૮ પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

મુંબઈ: શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬

| | |
|---|---|
| M/s Jeet Investment, હ. જીગર ગીરીશકુમાર શાહ (કનાસાનો પાડો) | ૧,૪૪,૦૦૦ |
| શ્રીમતી પરેશાબેન પ્રકાશભાઈ શાહ (યુ.એસ.એ.) | ૧,૦૧,૦૦૦ |
| શ્રીમતી ભીખીબેન મણિલાલ ગભરુચંદ શાહ (સિદ્ધચક્રની પોળ, બ્રાહ્મણવાડો) | ૧,૦૧,૦૦૦ |
| શ્રી ગુરુકૃપા ફાઉન્ડેશન (અમદાવાદ) | ૭૫,૦૦૦ |
| શ્રી મુંબઈ જીવદયા મંડળી, એલીસબ્રીજ, (અમદાવાદ) | ૬૧,૫૦૦ |
| શ્રીમતી ભાનુબેન હસમુખલાલ શાહ (ચૌધરીની શેરી) | ૫૫,૦૦૦ |
| શ્રીમતી પ્રિતીબેન, દિપાલીબેનના વરસીતપની આરાધના નિમિત્તે હ. દિવ્યાબેન, હર્ષદભાઈ, અશ્વીનભાઈ, તુષારભાઈ સાંડેસરા પરિવાર (વાડજ, અમદાવાદ) | ૫૧,૦૦૦ |
| શ્રીમતી કલ્પનાબેન દિનેશભાઈ શાહ, (ઢંક મહેતાનો પાડો, વાલકેશ્વર) | ૫૧,૦૦૦ |
| M/s. C.J. Shah & Co. | ૩૭,૦૦૦ |
| શ્રીમતી રેણુકાબેન રજનીકાંતભાઈ શાહ (નિશાળનો પાડો, માતૃઆશિષ) | ૨૫,૦૦૦ |
| શ્રી મહેન્દ્રભાઈ અમૃતલાલ શાહ (કપુર મહેતાનો પાડો, સિક્કા નગર) | ૨૫,૦૦૦ |
| શ્રીમતી બિનીતાબેન તુષારભાઈ શાહ (મરીનડ્રાઈવ) | ૨૨,૬૬૫ |
| શ્રી ભુપેનભાઈ ચંદ્રકાંતભાઈ શાહ (પોળની શેરી | ૨૧,૦૦૦ |
| શ્રી મહાદેવાજી પાર્શ્વનાથ જૈન દેરાસરના સંઘના ભાઈઓ તરફથી (ખેતરવસી) | ૨૧,૦૦૦ |
| પારસના વારસ અંધેરી (પાટણ) | ૧૮,૦૯૦ |
| શ્રી સાંતાક્રુઝ તપગચ્છ જૈન સંઘ, સાંતાક્રુઝ | ૧૫,૦૦૦ |
| શ્રી ઉમંગભાઈ શાહ (પોળની શેરી, ચોપાટી) | ૧૧,૦૦૦ |
| શ્રી પંકજભાઈ ઘેલાભાઈ મહેતા બીજી પુણ્યતિથિ નિમિત્તે હ. જીગેશભાઈ ઝવેરી | ૧૧,૫૦૦ |
| પ.પુ. પ્રવર્તીની સા. શ્રી વસંતપ્રભા શ્રીજી મ.સા., સા.શ્રી હેમપ્રભાશ્રીજી મ.સા., દિવ્ય આરાધના ભવનમાં થયેલ જીવદયા ટીપ (અમદાવાદ) | ૧૧,૦૦૦ |
| શ્રી ખ્યાતિબેન પ્રિયાંકભાઈ સંઘવી | ૧૧,૦૦૦ |
| શ્રી યતિનભાઈ કાંતિલાલ ઝવેરી | ૧૧,૦૦૦ |
| શ્રી રસિકલાલ ખોડીદાસ શાહની પુણ્યતિથિ નિમિત્તે, રમેશભાઈ, રાજેન્દ્રભાઈ, જ્યોતિકાબેન, દક્ષાબેન (કાંદિવલી) | ૧૧,૦૦૦ |
| શ્રી રાજેન્દ્રભાઈ હરસુખલાલ શાહ (ચોધરીની શેરી, વાલકેશ્વર) | ૧૧,૦૦૦ |
| શ્રી ઉદયનભાઈ કોઠારી | ૧૧,૦૦૦ |
| શ્રીમતી મીનાક્ષબેન નરેન્દ્રભાઈ શાહ (કનાસાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો) શ્રી શાંતિનાથ દાદાના જન્મ કલ્યાણક નિમિત્તે | ૧૧,૦૦૦ |
| શ્રીમતી રેખાબેન દિપકભાઈ શાહ (તંબોલી વાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી કૃણાલ અમીતભાઈ શાહ (પોળની શેરી) | ૧૧,૦૦૦ |
| શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ (રતનનગર, બોરીવલી) | ૧૧,૦૦૦ |
| શ્રી અશ્વીનલાલ રીખવચંદ શાહ (મલ્લાતનો પાડો, પ્રાર્થનાસમાજ) | ૧૧,૦૦૦ |
| શ્રી સુષ્માબેન પરીખ (વિલેપાર્લા) | ૧૦,૫૦૦ |
| શ્રી કૌશલભાઈ સુરેશભાઈ પટણી | ૧૦,૦૦૦ |
| મે. અણહીલ પેરેન્ટલસ પ્રા.લિ. (પાટણ) | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

# પાટણના જગવિખ્યાત જ્ઞાનભંડારો

ચૌલુક્યવંશીય પરમભટ્ટાર્કો શ્રી જયસિંહ સિદ્ધરાજ અને શ્રી કુમારપાલના આ પાટનગર અણહિલવાડ પાટણના જૈન જ્ઞાનભંડારો જગવિખ્યાત છે. આ ભંડારોમાં પાટણની સ્થાપના થઈ ત્યારથી જૈન સાધુઓએ તેમજ અન્ય વિદ્વાનોએ તૈયાર કરાવેલા જૈન તેમજ જૈનેતર સાહિત્યના અમૂલ્ય હસ્તલિખિત ગ્રંથોનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. ભંડારાના રક્ષણની વ્યવસ્થાને અભાવે કાળક્રમે ઘણા ગ્રંથોનો નાશ થયો છે.

સદ્‌ભાગ્યે જૈનાચાર્ય શ્રીમદ્ આત્મારામજી મહારાજના શિષ્ય પ્રવર્તક શ્રી કાંન્તિવિજયજી મ. ના નેતૃત્વ નીચે તેમના શિષ્યો મહારાજશ્રી ચતુરવિજયજી અને મુનિશ્રી પુણ્ય વિજયજીએ વર્ષો સુધી પરિશ્રમ વેઠીને આ ગ્રંથોનું સંશોધન કર્યું છે અને સઘળા જ્ઞાનભંડારોને વ્યવસ્થિત સ્થિતિમાં મૂકવા યથાશક્ય યત્ન કર્યો છે.

'આ જ્ઞાનમંદિર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી અને પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મ. ના ઉપદેશથી બાંધવામાં આવ્યું છે અને વિશ્વવિજ્ઞાનમૂર્તિસમા કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યનું નામ એની સાથે જોડવામાં આવ્યું છે.' પાટણના પ્રસિદ્ધ હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરના પ્રવેશદ્વારા પાસે મૂકેલી તક્તીઓ પર ઉપરના શબ્દો આલેખેલા જોવા મળે ચે. પાટણના પ્રાચીન જ્ઞાનસંગ્રહો વિશે ટૂંકામાં ઓ ઘણું ઘણું કહી દે છે.

ઈસવીસનના અગિયારમાં, બારમા અને તેરમા શતકમાં પાટણનું રાજકીય મહત્વ ટોચે પહોંચ્યું હતું, અને આચાર્ય હેમચન્દ્રસૂરિના પ્રભાવથી વિદ્યાપ્રવૃત્તિને રાજ્યાશ્રય તથા ઉત્તેજન મળતું હતું ત્યારે ઈતિહાસ, ધર્મ, નીતિ, તત્વજ્ઞાન, સાહિત્ય વગેરે વિશેના ગ્રંથોની રચનાને ઘણો જ વેગ મળ્યો હતો. આ સમયે રચાયેલી કૃતિઓ આપણા પ્રદેશની સંસ્કૃતિના સંદર્ભમાં ખૂબ જ મહત્વની નીવડી. વળી, આ સમયગાળામાં જૈન ધર્મને જે રાજ્યાશ્રય મળ્યો તેથી જૈન સાધુઓ અને જૈન આચાર્યોએ જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓ વિકસાવવામાં ખૂબ જ રસ લીધો. આ જાતની સાહિત્યિક પ્રવૃત્તિથી મોટા મોટા જ્ઞાનભેડારો અસ્તિત્વમાં આવ્યા અને આ ભંડારોમાં પ્રાચીન, સમકાલીન અને નવી રચનાઓનો સંગ્રહ થતો રહ્યો.

જૈન સંપ્રદાયમાં જ્ઞાન પ્રવૃત્તિને હંમેશા બિરદાવવામાં આવે છે. પઠન-પાઠન માટે ગુરુને ગ્રંથો આપવાનું કામ પુણ્યકાર્ય ગણાય છે. હસ્તપ્રતોની નકલો કરવાના કાર્યમાં પૈસા ખર્ચવાનું કામ ઘણા શ્રીમંતોને ગૌરવપ્રદ લાગતું. આને કારણે અનેક લહિયાઓને રોકીને ધાર્મિક દાર્શનિક તેમજ અન્ય શાસ્ત્રીય ગ્રંથોની પ્રાચીન હસ્તપ્રતો તથા નવી પ્રતોની નકલો તૈયાર કરવા કરાવવાની પ્રવૃત્તિ વેગપૂર્વક ચાલતી. એમ કહેવાય છે કે કુમારપાલ રાજાએ એકવીસ મોટા જ્ઞાનભંડારો ઊભા કર્યા હતા. જ્યારે વીરધવળ રાજાના વિખ્યાત જ્ઞાનપ્રેમી મંત્રી વસ્તુપાળે રૂપિયા અઢાર કરોડ ખર્ચીને લગભગ ત્રણ મોટા મોટા ભંડારો રચ્યા હતા. જૈન શ્રીમંતોમાં પોતાના સદ્‌ગત થયેલા સગાની સ્મૃતિમાં મોટી રકમો ખર્ચીને જ્ઞાનવૃદ્ધિ કરવાની પરંપરા પણ સ્થિર થયેલી હતી. આને લીધે પણ અનેક હસ્તપ્રતોને છેડે પ્રશસ્તિઓમાં દાન આપનારાઓની જે યાદીઓ મળે છે તેના પરથી આપણને ખબર પડે છે કે જ્ઞાનભંડારોની આજની સમૃદ્ધિ કેવી રીતે શક્ય બની છે. જૈનભંડારોમાં મોટા પ્રમાણમાં હસ્તલિખિત ગ્રંથો ભેગા થઈ શક્યા છે તેના મૂળમાં જૈનપ્રજાની જ્ઞાનભક્તિનો ફાળો નાનોસૂનો નથી. **ક્રમશઃ**



# શ્રી બી.ડી.એસ. વિદ્યાલયનું સને ૨૦૨૩ના વર્ષનું HSC બોર્ડની સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ઝળહળતું પરિણામ

## આર્ટ્સ-કોમર્સ (સામાન્ય પ્રવાહ)માં ૯૬.૮૮% સાથે પાટણમાં BDSV પ્રથમ સ્થાને

સને ૨૦૨૩ના શૈક્ષણિક વર્ષનું HSC બોર્ડ પરીક્ષામાં શાળાનું ઝળહળતું પરિણામ આવ્યું છે. આપણી વિદ્યાલયના ઘણા વિદ્યાર્થીઓ જુદા જુદા વિષયોમાં સારા ગુણાંક સાથે જીલ્લા તથા રાજ્ય કક્ષાએ પરસન્ટાઈલ A1 Rank માં સ્થાન મેળવી શાળાનું નામ રોશન કરવા સાથે ગૌરવ અપાવ્યું છે. સાયન્સ વિભાગનું પરિણામ ૬૪.૬૧% આવ્યું છે.

ગત વર્ષમાં મેળવેલ શૈક્ષણિક સફળતા માટે પ્રિન્સીપલ ડૉ. બી.આર. દેસાઈ તથા અન્ય વિષયક શિક્ષક ગણને ખુબ ખુબ અભિનંદન. સર્વની સફળતાપૂર્વકની શૈક્ષણિક કાર્યવાહીને બિરદાવતા સંસ્થા હર્ષની લાગણી અનુભવે છે.

પ્રમુખશ્રીશ્રીદાનેશભાઈ,ઉપપ્રમુખ(વિદ્યાલય)શ્રીરાજેન્દ્રભાઈતથામાનદ્મંત્રી શ્રી ભરતભાઈ વર્ષ દરમ્યાન અવારનવાર પાટણની મુલાકત લઈ વિદ્યાલયના શૈક્ષણિક તથા સર્વાંગી વિકાસ માટે અને નૂતન પ્રાથમિક શાળા નિર્માણ કાર્યમાં સતત સૂચનાઓ અને માર્ગદર્શન આપી રહ્યા છે.

ગત વર્ષ દરમ્યાન મેળવેલ સિદ્ધિઓના પરિણામે ચાલુ વર્ષે લગભગ ૧૫૦ વિદ્યાર્થીઓના વધુ એડમીશન સાથે નવુ શૈક્ષણિક વર્ષ શરૂ થયું છે. સફળતા મેળવેલ સર્વે વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન અને તેઓની કારકીર્દિ ઝળહળતી રહે તે માટે શુભકામના પાઠવે છે.

### ✳ વિશિષ્ટ સિદ્ધિ મેળવી ગૌરવ અપાવનાર વિદ્યાર્થીઓ ✳

૧. સાલવી મોક્ષા વિરલકુમાર 99.84 PR સાથે A-1 ગ્રેડ અને જિલ્લામાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરેલ, અંગ્રેજી વિષયમાં જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

૨. સોની ધ્રુવા મનીષકુમાર 99.78 PR સાથે A-1 ગ્રેડ મેળવેલ વાણિજ્ય વ્યવસ્થા વિષયમાં રાજ્યમાં પ્રથમ રેન્કના ગ્રુપમાં સ્થાન મેળવેલ છે.

૩. ખત્રી ખુશી કનુભાઈ 99.71 PR A-1 ગ્રેડ મેળવેલ છે.

૪. ઠક્કર વૈદેહિ જયકૃષ્ણ 99.56 PR A-2 ગ્રેડ SP વિષયમાં રાજ્યમાં પ્રથમ રેન્કના ગ્રુપમાં સ્થાન મેળવેલ છે.

૫. રબારી ઋષિ વસતાભાઈ 99.25 PR A-2 પ્રાકૃત વિષયમાં રાજ્યમાં પ્રથમ રેન્કના ગ્રુપમાં સ્થાન મેળવેલ છે.

૬. દેસાઈ સૃષ્ટિ રમેશભાઈ 98.29 PR A-2 પ્રાકૃત વિષયમાં રાજ્યમાં પ્રથમ રેન્કના ગ્રુપમાં સ્થાન મેળવેલ છે.

૭. પારવાણી કૌશલ આર. ગણિતમાં રાજ્યમાં પ્રથમ રેન્કના ગ્રુપમાં સ્થાન મેળવેલ છે.


૮. શેખ અયાન પી. ગણિતમાં રાજ્યમાં પ્રથમ રેન્કના ગ્રુપમાં સ્થાન.

૯. રબારી આશા પી. સાયન્સમાં શાળામાં પ્રથમ આવેલ છે.

૧૦. મોદી જયકુમાર એન. NEET માં 586

૧૧. પટેલ હેલી કે. NEET માં 549

૧૨. પરીખ રૂચા આર. NEET માં 527



સાલવી મોક્ષા વી
P.R.99.84



સોની ધ્રુવા એમ.
P.R.99.78 O.C. 100



ખત્રી ખુશી કે.
P.R.99.71


ઠક્કર વૈદેહી જે.
P.R.99.56 A2


દેસાઈ સૃષ્ટિ આર.
P.R.99.29 A2


રબારી આશા પી.
P.R.99.26 A2


રબારી ઋષિ વી.
P.R.99.25 A2


પરવાણી કૌશલ આર.
ગણિતમાં 80/80


શેખ અયાન આઈ
ગણિતમાં 80/80


મોદી જય એન
NEET : 586

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સૂચિત નૂતન પ્રાથમિક શાળા માટે દાનની વિજ્ઞપ્તિ




**સમાજના દાતાશ્રીઓનો અદ્‌ભુત પ્રતિસાદ**
**રૂા. ૫ કરોડના પ્રોજેક્ટ સામે લગભગ રૂા. ૩.૭૨ કરોડની દાન ઉપલબ્ધી.**

| | | |
|---|---|---|
| **શાળાના મુખ્ય દાતા શ્રી ત્રિભોવનભાઈ ડી. પટેલ** | રૂા. | ૧,૫૧,૦૦,૦૦૦/- |
| **ગત પ્રતિબિંબ અંકોમાં પ્રકાશિત થયા મુજબ** | | |
| ◆ ૧૪ ક્લાસરૂમના દાતાશ્રીઓ | રૂા. | ૯૮,૦૦,૦૦૦/- |
| ◆ કોમ્પ્યુટ રૂમ, સિદ્ધહેમ લોબી, લાયબ્રેરી, સ્ટાફરૂમ, પ્રિન્સીપલ રૂમ, સંગીત રૂમ, આર્ટ રૂમ, બાલવાટીકા, વિઝિટર્સ રૂમ, વોટર રૂમ વિગેરે વિભાગના દાતાશ્રીઓ | રૂા. | ૧,૦૭,૫૦,૦૦૦/- |
| **નવા પ્રાપ્ત દાતાશ્રીઓની યાદી** | | |
| **સિદ્ધહેમ લોબી :** ડૉ. વિક્રમભાઈ વરજીવનદાસ - હ. જયશ્રીબેન (અમેરિકા) | રૂા. | ૧૦,૦૦,૦૦૦/- |
| **કેન્ટીન :** એક શુભેચ્છક તરફથી - હ. પરેશભાઈ એચ. શાહ | રૂા. | ૫,૫૦,૦૦૦/- |
| **દાતાશ્રીઓની અનુમોદના - સહ અભિનંદન** કુલ રકમ | રૂા. | ૩,૭૨,૦૦,૦૦૦/- |

**શિક્ષણ પ્રદાન ક્ષેત્રના આ અભિયાનમાં તમો સહભાગી બન્યા છો ? આજેજ વિચારો... આજેજ જોડાઓ...**
**પુણ્યાનુબંધી પુણ્ય કમાવો.... વર્ષો વર્ષની સ્મૃતિ માટે તમારા પરિવારની તક્તી અંકિત કરાવો....**


**૨૯ સ્કીમો માટે દાતાશ્રીઓ પ્રાપ્ત છે, બાકી રહેલી ૬ સ્કીમો માટે દાતાશ્રીઓ આવકાર્ય છે**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ◆ Science Lab | 1 | ... | 25,00,000 | ◆ Conference Room | 1 | ... | 30,00,000 |
| ◆ General Lab | 1 | ... | 25,00,000 | ◆ Multipurpose Hall | 1 | ... | 30,00,000 |
| ◆ Sidhahem Lobby | 1 | ... | 10,00,000 | ◆ Lift each | 2 | ... | 5,50,000 |

શ્રી પાટણ જૈન મંડળ : ૮૭૭૯૧૬૧૨૦૯ * પ્રમુખશ્રી, શ્રી દાનેશભાઈ વી. શાહ - ૯૯૩૦૮૯૧૯૮૫
ઉપપ્રમુખ, શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ - ૯૩૨૨૨૨૭૨૦૯ * માનદમંત્રી, વિદ્યાલય શ્રી ભરતભાઈ સી. શાહ - ૯૩૨૩૧૮૯૯૪૧

**પ્રાથમિક શાળાના ભવનનું નિર્માણ કાર્ય ગતિશિલ છે, જુન ૨૦૨૪થી સ્કુલ પ્રારંભ એ સંસ્થાનું લક્ષ્ય છે,**




Project
Under Consideration
Saurabh Medical Health Care

| No. Details | Donors Name | Cost Amt. |
|---|---|---|

## 1. Main Donor of Project

| | |
|---|---|
| **Smt. Arunaben Babulal Shah** | **5.25 Cr** |
| **Smt. Pannaben Kapoorchand Sonawala** | **4.00 Cr** |

## 2. Pathology

| | |
|---|---|
| **Smt. Bhagvatiben Vinodchandra Shah** | **1.50 Cr** |

## 3. Sonography Dipartment

| | |
|---|---|
| **Smt. Geminiben Hemantbhai Kantilal Salvi** | **1.25 Cr** |

## 4. Dialysis Centre

| | |
|---|---|
| **Shri Shantilal Nagindas Shah (Shubh Trust)** | **1.25 Cr** |

Founder Trustee :

**Shri Mahendrabhai, Shri Jayantibhai, Shri Chinubhai Shah**

## We Welcome Donors for the following Department

| | | | |
|---|---|---|---|
| 5. | Cardiology | ......... | 2.50 Cr |
| 6. | X-ray | ......... | 1.25 Cr |
| 7. | Physiotherapy | ......... | 1.25 Cr |
| 8. | General Surgery | ......... | 1.25 Cr |
| 9. | Dental | ......... | 1.00 Cr |
| 10. | ENT | ......... | 1.00 Cr |
| 11. | Ophthalmology | ......... | 1.00 Cr |
| 12. | Pediatric | ......... | 1.00 Cr |
| 12. | Dermatology | ......... | 0.5 Cr |
| 13. | Homeopathy | ......... | 0.5 Cr |
| 14. | Internal Medicine | ......... | 0.5 Cr |
| 15. | Memo Graphy | ......... | 0.5 Cr |
| 16. | Orthopedic | ......... | 0.5 Cr |
| 17 | Ayurvedic | ......... | 0.5 Cr |

## સાભાર સ્વીકાર

**પ્રાથમિક શાળા પ્રોજેક્ટ ભેટ :**

૧,૦૦,૦૦,૦૦૦/- શ્રી ત્રિભોવનભાઈ ડી. પટેલ - વડોદરા
૩,૦૦,૦૦૦/- શ્રી ઘનશ્યામભાઈ માવજીભાઈ શંકર
૧,૯૫,૦૦૦/- શ્રી પરેશભાઈ હીરાલાલ શાહ (ચોધરીની શેરી)
૫,૦૨,૨૨૩/- શાળાના ભુતપૂર્વ વિદ્યાર્થીઓ સને ૧૯૭૫-૭૬
૨૧,૦૦૦/- શ્રી દાનેશભાઈ ભગવાનદાસ શાહ
૨૧,૦૦૦/- શ્રી નંદકિશોર દ્વારકાપ્રસાદ જાની
૨૧,૦૦૦/- શ્રી અશ્વીનભાઈ લક્ષ્મીદાસ લીમ્બાચીયા
૨૧,૦૦૦/- શ્રી દિપકભાઈ ગોવિંદભાઈ ઘીવાલા
૨૧,૦૦૦/- શ્રી શોભનાબેન વિનોદચંદ્ર પંચોલી
૨૧,૦૦૦/- શ્રી અમૃતભાઈ રાયચંદભાઈ પ્રજાપતિ
૨૧,૦૦૦/- શ્રી અશોકભાઈ સોમચંદભાઈ શાહ
૨૧,૦૦૦/- શ્રી હરેશભાઈ પ્રતાપચંદ શાહ
૨૧,૦૦૦/- શ્રી સુનીલભાઈ રમેશચંદ્ર શાહ
૨૧,૦૦૦/- ડૉ. રોહિતકુમાર ઠાકરશીભાઈ શાહ
૨૧,૦૦૦/- શ્રી ભાવનાબેન પી. ગોઠી
૨૧,૦૦૦/- શ્રી બિપીચંદ્ર નાનાલાલ શેઠ
૨૧,૦૦૦/- શ્રી સ્મૃતિબેન પ્રતાપચંદ્ર સાલવી
૨૧,૦૦૦/- શ્રી અજીતભાઈ ચંદુલાલ શાહ
૨૧,૦૦૦/- શ્રી જ્યોત્સનાબેન મુકુંદભાઈ ખત્રી
૨૧,૦૦૦/- શ્રી મે. પુજા સર્વીસ
૨૧,૦૦૦/- શ્રી દિલીપભાઈ કૃષ્ણલાલ સુથાર
૨૧,૦૦૦/- શ્રી શૈલેષભાઈ એસ. વોરા
૨૧,૦૦૦/- શ્રી શિલ્પાબેન દલપતભાઈ શાહ
૨૧,૦૦૦/- શ્રી દેવીલાબેન ચીમનલાલ પંચાલ
૧૧,૧૧૧/- શ્રી રજનીકાંત વાલાભાઈ પટેલ
૧૧,૧૧૧/- શ્રી દિપકભાઈ રસિકલાલ દવે
૧૧,૦૦૦/- શ્રી જયેશભાઈ ભોગીલાલ જાદવ
૧૧,૦૦૦/- શ્રી જયંતિલાલ પરશોત્તમદાસ પટેલ
૧૧,૦૦૦/- શ્રી નટવરલાલ મણિલાલ ટેલર
૧૧,૦૦૦/- શ્રી જશવંતલાલ ચંદુલાલ શાહ
૧૧,૦૦૦/- શ્રી ગિરિશકુમાર વિરચંદદાસ ઘીવાલા
૫,૦૦૧/- શ્રી જશોદાબેન દેવચંદભાઈ પટેલ

**સમાજ ઉત્કર્ષ ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રી નિખીલભાઈ સૂર્યકાંત શાહ (કનાસાનો પાડો)
૧,૨૫,૦૦૦/- શ્રી સંજયભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
૩૧,૦૦૦/- શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ (ઢંઢેરવાડો)
૨૧,૦૦૦/- શ્રી દિપકભાઈ સેવંતીલાલ પટણી (મનમોહનજીની શેરી)
૧૨,૦૦૦/- શ્રી સતિષભાઈ રમણલાલ પરીખ (કસુંબીયા વાડો)

**શિક્ષણ સહાય ભેટ :**

૨,૦૦,૦૦૦/- શ્રી ભારતીબેન શંકર (મંડળનું ઋણ અદાયગી)

**શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૨૧,૦૦૦/- સ્વ શ્રી સુરેશભાઈ ચંદુલાલ શાહના સ્મરણાર્થે હ. શ્રીમતી દમયંતિબેન મંગલભાઈ શાહ (લખિયારવાડો)

**મેડિકલ સહાય ભેટ :**

૨૫,૦૦૦/- સ્વ શ્રી સુરેશભાઈ ચંદુલાલ શાહના સ્મરણાર્થે હ. શ્રીમતી આશાબેન સુરેશભાઈ શાહ (લખિયારવાડો)

**હેલ્થકેર સાધન ભેટ ગોરેગામ :**

૧૧,૦૦૦/- શ્રી સુનીલભાઈ બાબુભાઈ પટેલ

**શ્રી સિદ્ધહેમ / વૃદ્ધજન / શિક્ષણ સહાય ભેટ :**

૧,૫૧,૦૦૦/- પડીગુંદીનો પાડો, માતુશ્રી મણીબેન કસ્તુરચંદ સરૂપચંદ શાહ - હ. શ્રીમતી સરલાબેન દેવેન્દ્રકુમાર પરિવાર **(ગતાંકમાં સુધારીને વાચવું)**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરઃશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | બ્રાહ્મણવાડો | ભદ્રેશભાઈ સનાલાલ શાહ | ૬૧ | ગોરેગામ | ૧૭-૦૫-૨૩ | વૈશાખ વદ ૧૩ |
| વિશા પોરવાળ | લખિયારવાડો | સુરેશભાઈ ચંદુલાલ શાહ | ૭૭ | ગોવાલિયાટેન્ક | ૨૧-૦૫-૨૩ | જેઠ સુદ ૦૨ |
| વિશા પોરવાળ | અજીતનાથની પોળ | પ્રમીલાબેન અશોકભાઈ શાહ | ૮૫ | ઘાટકોપર | ૨૮-૦૫-૨૩ | જેઠ સુદ ૦૮ |
| વિશા શ્રીમાળી | મનમોહનજીની શેરી | જયશ્રીબેન પ્રવિણકુમાર શાહ | ૫૩ | ગોરેગામ | ૨૮-૦૫-૨૩ | જેઠ સુદ ૦૮ |
| વિશા શ્રીમાળી | કુંભારીયા પાડો | પંકજભાઈ બાબુલાલ શાહ | ૭૧ | તારદેવ | ૨૯-૦૫-૨૩ | જેઠ સુદ ૦૯ |
| દશા પોરવાળ | વસાવાડો | ધીરજલાલ સરૂપચંદ શાહ | ૯૧ | મરીનડ્રાઈવ | ૦૧-૦૬-૨૩ | જેઠ સુદ ૧૨ |
| વિશા શ્રીમાળી | લીમડીનો પાડો | મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ | ૭૯ | વિલેપાર્લા | ૦૨-૦૬-૨૩ | જેઠ સુદ ૧૩ |
| વિશા ઓસવાલ | ખેતરપાળનો પાડો | કલ્પેશભાઈ કેશવલાલ શાહ | ૬૧ | બોરીવલી | ૦૩-૦૬-૨૩ | જેઠ સુદ ૧૪ |

* ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

## શ્રી પાટણ જૈન વિશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જ્ઞાતિ ટ્રસ્ટ

છેલ્લા પાચ વર્ષથી ટ્રસ્ટ જ્ઞાતિ પરિવારના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય આપી રહ્યું છે. સાથોસાથ જ્ઞાતિ પરિવારના બાળકોના શૈક્ષણિક વિકાસ તરફ મહત્વનું યોગદાન આપી રહ્યું છે.

સને ૨૦૨૨-૨૦૨૩ના વર્ષમાં ૫૦ વિદ્યાર્થીઓને રૂા. ૧૮૦૦૦/- પ્રમાણે શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી. સને ૨૦૨૩-૨૪ના વર્ષ માટે શિષ્યવૃત્તિ મેળવવા આપશ્રી નીચે જણાવેલ ટ્રસ્ટીઓનો સંપર્ક કરી એપ્લીકેશન ફોર્મ મેળવી, **શ્રી મયંકભાઈ બાબુલાલ શાહ - ૮૮/૯૨, નાગદેવી ક્રોસ લેન, બીજે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩ પર સંપૂર્ણ વિગતોસહ ભરી તેઓને પહોચાડવું, અરજી કરવાની આખરી તા. ૩૧-૦૮-૨૦૨૩ છે.**

આપણા ટ્રસ્ટના **ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહનું** તા. ૦૨-૦૬-૨૦૨૩ ના રોજ દુઃખદ અવસાન થયુ તેની નોધ લેતા ટ્રસ્ટબોર્ડ અત્યંત દુઃખની લાગણી અનુભવે છે. સદગતના આત્મા ચિર શાંતિ પામે તેવી પ્રભુને પ્રાર્થના.

### ટ્રસ્ટીગણ

| | | | |
|---|---|---|---|
| શ્રી મહેન્દ્રભાઈ હિરાલાલ શાહ | મો. 7021554507 | શ્રી મયંકભાઈ બાબુલાલ શાહ | મો. 9821150445 |
| શ્રી ભરતભાઈ દલપતભાઈ શાહ | મો. 9820157077 | શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ | મો. 9820064668 |
| શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ | મો. 9930891985 | | |

### ભુલ સુધાર

માહે એપ્રિલ ૨૦૨૩ના પાના નં. ૧૫ ઉપર આપેલ જલસો પ્રોગ્રામના ફોટાની નીચે આવેલ વિગત બાબત.



બાબુ પનાલાલ પુનમચંદટ્રસ્ટના ટ્રસ્ટના પરિવારનું બહુમાન કરતા શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ



શ્રી હર્ષદભાઈ જયંતિલાલ શાહ (ઝભલાવાળા) પરિવારનું સન્માન કરતા ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ શાહ

### ભુલ સુધાર (માહે મે-૨૦૨૩ના પ્રતિબિંબમાં)

B.M. High School ની સંપૂર્ણ સખાવત તથા કાયમી વહીવટ સ્વ. શેઠ શ્રી ભોગીલાલ મણિલાલ શાહ તથા તેમના પરિવારના સભ્યો ગૌતમભાઈ, અશ્વીનકુમાર, ગીતાબેન તથા નિલયભાઈ કરી રહ્યા છે. શેઠ શ્રી શાંતીલાલ નગીનદાસ શાહ શુભ ટ્રસ્ટ દ્વારા મંડળના મેડિકલ ન્યુ પ્રોજેક્ટમાં થયેલા રૂા. દોઢ કરોડના ડોનેશનમાં શેઠ શ્રી ભોગીલાલ મણિલાલ શાહ પરિવારનો કોઈ ભાગ નથી.


PATAN CO-OPERATIVE BANK LIMITED

75, Rasik Niwas, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai - 400 020.
Email ID: ho@patanbank.com , bmmarine @patanbank.com
Tel : 22819403/22815290/22817444

Patan Bank required manager for our Goregaon Branch, who will increase the Business. He should be well verse with Gujarati language.

Interested candidates may send their resume by email/post within 7 days to Chief Executive officer on above mentioned email address.

ADVT

Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● June 2023 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

# શ્રી પાટણ જૈન મંડળ

## જીવન નિર્વાહ સહાય યોજના

### રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા

૧. શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)
૨. શ્રીમતી નીરૂબેન ધીરેનભાઈ શાહ અને શ્રીમતી પ્રતિમાબેન નરેનભાઈ શાહ (ઝભલાવાળા) (ખેતરવસી -મહાદેવાજીની શેરી)
૩. શ્રીમતી સુરેખાબેન જશવંતલાલ મણિલાલ શાહ પરિવાર (ભાભાનો પાડો)
૪. શ્રી જયંતિલાલ ચુનીલાલ શાહ તથા શ્રીમતી લીલાવતીબેન જયંતિલાલ શાહ (ઝભલાવાળા)
હ. શ્રી હર્ષદભાઈ જયંતિલાલ શાહ (ઝભલાવાળા) (ખેતરવસી - મહાદેવાજીની શેરી)

### રૂા. ૧૧ લાખના સહાયક દાતા

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાલા પરિવાર (કનાસાનો પાડો)
૨. શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)
૩. શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ પરિવાર (વખતજીની શેરી)
૪. શ્રીમતી નીલાબેન અશોકભાઈ પોપટલાલ શાહ (કનાસાનો પાડો)
૫. શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ અને શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો)

## શિખરજી યાત્રા પ્રવાસ

### રૂા. ૧૦ લાખના સમેતશિખર યાત્રા પ્રવાસના સૌજન્ય દાતાઓ :-

૧. શ્રી પંકજભાઈ નેમચંદ શાહ (પોળની શેરી)
૨. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)
૩. શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ પરિવાર (કનાસાનો પાડો)
૪. શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ પરિવાર (ડંક મહેતાનો પાડો)
૫. શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી પરિવાર (મનમોહનજીની શેરી)
૬. શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી પરિવાર (હ. શ્રી હેમંતભાઈ સાલવી) (સાલવી વાડો)
૭. શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)
૮. શ્રીમતી જશુમતીબેન લલિતભાઈ સુરજમલ શાહ (હ. શ્રીમતી હીનાબેન ચેતનભાઈ શાહ) (ડંક મહેતાનો પાડો)
૯. શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (કપુર મહેતાનો પાડો)
૧૦. શ્રીમતી સરલાબેન અરવિંદકુમાર બાપુલાલ શાહ (લખિયારવાડો)

**હાર્દિક વિજ્ઞપ્તિ :-**

મંડળના સમાજ સાથે સંકળાવવાના બે મહત્વના 'જીવન નિર્વાહ સહાય' તથા 'સમેત શિખરજી યાત્રા પ્રવાસ'ના પ્રોજેક્ટોમાં ઉપરોક્ત દાતાઓ સ્વૈચ્છિકપણે જોડાયેલ છે, હજુ વધુ દાતાઓને આ પ્રોજેક્ટમાં આર્થિક સહયોગ આપી જોડાવવા વિનમ્ર વિનંતી છે.

Printed & Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
Editor : BHARATI BHAGUBHAI SHAH

TO,